વન્યપ્રાણીઓથી થતા મારણ / નુકશાન અંગે રાહત આપવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક:વપસ/૧૧૯૬/૪૧૧/ગ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૨/૮/૯૭.

વંચાણે લીધા :

૧. વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૮/૩/૯૬નો સરખા ક્રમાંક્નો ઠરાવ.
૨. મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી) ગુ. રા. ગાંધીનગરનો તા. ૯/૫/૯૭નો પત્ર ક્રમાંક : વપસ/૨૭/અ/૬૮૫-૯૭-૯૮.

સુધારો :

આ વિભાગના તા. ૧/૩/૯૬ના ઠરાવ ક્રમાંક : વપસ/૧૭૯૬/૪૧૧ ગુ. ૧ અન્વયે રાજ્યમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીક્ના વિસ્તારમાં રહેતા માનવી તેમજ તેમના માલઢોરને હિંસક પ્રાણીઓના હુમલાથી થતા નુક્સાન અંગે તેમાં દર્શાવેલ શરતોને આધિન રાહત દરોના નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવના પેરા નં. ૨(ઉ)માં ફક્ત ભેસના મૃત્યું કે ઇજાના રાહત માટે જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ તેમાં ભેસની પાડનો સમાવેશ થયેલ નથી. આ પ્રશ્નના ઉકેલ માટે થઈને પ્રસ્તાવનામાં દર્શાવેલ તા. ૧૮/૩/૯૭ના ઠરાવના વર્તમાન પેરા નં. ૨(ઉ)ને બદલે નીચે દર્શાવ્યા મુજબનો પેરા નં. ૨(ઉ) પ્રસ્થાપિત કરવાનું સરકાર ઠરાવે છે :-

| અ.નં. | વિગત | વળતરની રકમ |
|---|---|---|
| (ઉ) ભેસ | | |
| (૧) | દુઝણી | રૂ. ૫૦૦૦ |
| (૨) | દુઝણી ના હોય તેવી | રૂ. ૧૫૦૦ |
| (૩) | કાયમ માટે વસુકી ગયેલી | રૂ. ૧૦૦૦ |
| (૪) | પાડી | રૂ. ૧૦૦૦ |

ગુજરાત રાજ્યપાલશ્રીના હુક્મથી અને તેમના નામે.

(હર્ષ બહમભટ્ટ)
ઉપસચિવ,
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,
મા. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રૅાણી) ગુ. રા ગાંધીનગર.

વન્યપ્રાણીઓથી થતા મારણ / નુકશાન અંગે રાહત આપવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
સ.ઠ.ક્રમાંક:-વસપ/૧૧૯૬/૪૧૧/૫૧.
સચિવાલય, ગાંધીનગર. તા. ૧૮-૩-૯૬

વંચાણે લીધા :

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૩૦-૫-૯૧નો સ.ઠ.ક્રમાંક-ડબલ્યુએલપી/૧૬૯૦/૨૧૮૨/વ ૨.
(૨) અગ મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૪-૩-૯૬ના પ્રતાંક-વપસ૨૭/અ/૩૯૦૭-૯૬

ઠરાવ :-

રાજ્યમાં આવેલ વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં રહેતા માવની તેમજ તેમના માલ-ઢોરને હિંસક પ્રાણીઓના હુમલાથી નુકશાન થતું રહેતું હોય છે, જેના સંદર્ભે મૃત્યુ/ઇજા/હાનિના પ્રસંગોએ સરકારશ્રી દ્વારા અપાતા વળતરના દરો સંદર્ભ(૧)માં દર્શાવ્યા મુજબ તા. ૩૦-૫-૯૧ના ઠરાવથી નક્કી કરાયેલા હતા.

૨. ઉક્ત ઠરાવમાં નિયત કરાયેલ દરોને પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ધ્યાને લઈ સદરહુ વળતરના દરો વધારવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણામાં હતો, પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી ઉક્ત વળતરના દરો નીચે મુજબની શરતોને આધિન રહીને સુધારવાનું આથી ઠરાવે છે. :-

(અ) રાજ્યના સમગ વિસ્તારમાં વન્યપ્રાણીથી થતા હુમલાથી મૃત્યુ કે ઇજા/હાનિના કિસ્સામાં સરકાર તરફથી વળતર ચુકવવામાં આવશે.
(બ) જે જિલ્લામાં નાયબ વન સંરક્ષકશ્રી (પ્રાદેશિક)ની કચેરી ન હોય તે જિલ્લામાં નાયબ વન સંરક્ષકશ્રી (સામાજિક વનિકરણ) દ્વારા વળતર ચુકવવા અંગેની કાર્યવાહી હાથ ધરાશે.
(ક) આ ઠરાવ તા. ૮-૩-૯૬થી અમલમાં આવશે.
(ડ) વળતર આપવાના દર નીચે દર્શાવ્યા મુજબ સુધારેલ છે.

| **ક્રમ** | **વિગત** | **સુધારવામાં આવેલ દરની રકમ (રૂ.)** | |
|---|---|---|---|
| ૧. | માનવ ઇજા | સામાન્ય ઇજા | ૨૫૦૦ |
| | | મોટી ઇજા | ૧૦૦૦૦ |
| ૨. | માનવ મૃત્યુ | ૧૦૦૦૦૦ | |

માલ-ઢોરને નુકશાન

અ- ગાય

| | |
|---|---|
| (૧) દુઝણી | ૩૦૦૦ |
| (૨) વસુકી ગયેલી | ૧૦૦૦ |
| (૩) વાછરડી/વાછરડો | ૧૫૦૦ |

આ- બળદ

| | |
|---|---|
| (૧) બે વર્ષથી ઉપરનો (ખેડાણ માટે ઉપયોગી) | ૪૦૦૦ |
| (૨) બે વર્ષથી નીચેનો (ખસી કરેલ) | ૨૫૦૦૦ |

ઇ- સંવર્ધન માટે ઉપયોગી પાડો

| | |
|---|---|
| (૧) બે વર્ષથી ઉપરનો | ૨૫૦૦ |
| (૨) બે વર્ષથી નીચેનો | ૮૦૦ |

ઉ- ભેંસ

| | |
|---|---|
| (૧) દુઝણી | ૫૦૦૦ |
| (૨) દુઝણી ન હોય તેવી | ૧૫૦૦ |
| (૩) કાયમ માટે વસુકી ગયેલ | ૧૦૦૦ |

ઉ- અન્ય માલઢોર (પાળેલા)

| | |
|---|---|
| (૧) પાળેલા ઘેટા | ૨૫૦ |
| (૨) પાળેલા બકરા | ૩૦૦ |
| (૩) પાળેલા ઉંટ | ૩૫૦૦ |
| (૪) પાળેલા ઘોડા | ૩૦૦૦ |
| (૫) પાળેલા ગધેડા | ૧૫૦૦ |

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તારીખ ૧૮-૩-૯૬ની સંમતિ બાદ જારી કરવમાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી
(આર. વી. આચાર્ય)
સેક્શન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,
મા. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે મા. મંત્રીશ્રી,
સચિવાલયનાં સર્વે વિભાગો,
નાણાં શાખા/વન અને પર્યાવરણ વિભાગ,
વિભાગની સર્વે શાખાઓ,
અગ મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુ. રા. ગાંધીનગર,
મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી) ગુ. રા. ગાંધીનગર.